પેન્શનરોની હયાતિની ખાત્રી કર્યા બાદ પેન્શન
મોકલવા બાબત.

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**
ગુજરાત રાજય, **'વીમા અને લેખા ભવન'**,
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**ક્રમાંક : હિતિનિ/ટીસી/ફા.૧૩૪/**૭૫૭૨ - ૧૬૦૦
તારીખ : ૨૨ - ૧૧ -૨૦૧૧

**<u>:: પરિપત્ર નંબર : ૮/ ૨૦૧૧</u>**

આથી તમામ શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી / પેન્શન ચૂકવણા અધિકારીશ્રીનુ ધ્યાન ગુજરાત તિજોરી નિયમો–૨૦૦૦ ના નિયમ–૨૭૨ તથા નાણા વિભાગના તા.૫/૭/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃ તજર/૧૦૨૦૦૭/૧૧૭/ઝ તરફ દોરતાં જણાવવાનું કે, પેન્શનરોએ તેઓના હયાતિની ખાત્રી જુલાઈથી સપ્ટેમ્બર માસ સુધી કરવાની રહે છે. આ મહિના દરમ્યાન હયાતિની ખાત્રી ન કરાવેલ પેન્શનરોનું પેન્શન એકટોબર માસથી પેન્શન ચૂકવણું સ્થગિત કરવાનું રહે છે.

નિયત સમયમાં હયાતિની ખાત્રી ન કરાવી શકેલ પેન્શનર ત્યાર બાદના માસમાં પોતાની હયાતિની ખાત્રી તિજોરી કચેરી ખાતે / બેંક મારફતે કરાવે છે. તેઓનું પેન્શન તિજોરી કચેરીઓ દ્વારા ત્યાર પછીના મહિનાના પેન્શન સાથે મોકલતા હોવાનું ધ્યાને આવેલ છે.

ઉકત બાબતે જણાવવાનું કે, નિયમ સમયમર્યાદા બાદ હયાતિની ખરાઈના કિસ્સામાં જે તે માસની ૧૦ મી તારીખ સુધીમાં હયાતિની ખરાઈ કરાવનાર પેન્શનરોનું બાકી લેણુ પેન્શન જે તે માસની ૧૫મી તારીખ સુધીમાં મોકલી આપવાનું રહેશે.

પેન્શનરોની ફરીયાદોના નિવારણ અર્થે ઉકત સૂચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**નિયામક**

પ્રતિ,
૧. શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી,જિલ્લા તિજોરી કચેરી, ........................
૨. તિજોરી અધિકારીશ્રી, પેન્શન ચૂકવણા કચેરી, અમદાવાદ
૩. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર